પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૦૦ | ૧૯ જુન, ૨૦૧૮, મંગળવાર; નિજ. જેઠ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**ચંદા કોચર મુશ્કેલીમાં**

વીડિયોકોન કંપનીને લોન આપવાના વિવાદમાં સપડાયેલા આઈસીઆઈસી બેન્કના સીઈઓ ચંદા કોચર અંગે મોટો નિર્ણય લેવાઈ શકે છે. કોચરના સ્થાને ઈન્ટીરિમ સીઈઓ નિમવા અંગે તથા સમગ્ર પ્રકરણની તપાસ માટે પણ બોર્ડ વિચારણા કરી રહ્યું છે.

**માલ્યા વિરૂદ્ધ નવી ચાર્જશીટ**

એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટે મની લોન્ડ્રીંગ તથા બેંકોના સમૂહને ૬,૦૨૭ કરોડ રૂપિયાનો ચૂનો ચોપડવા મામલે ભાગેડુ વિજય માલ્યા વિરૂદ્ધ નવી ચાર્જશીટ દાખલ કરી છે.

**બંગાળમાં બાળકીએ પિસ્ટલને રમકડું સમજી ફાયરિંગ કર્યું**

પશ્ચિમ બંગાળના હૂગલી જિલ્લામાં એક બાળકીએ પિસ્ટલમાંથી ફાયરિંગ કરતા તેની માતા ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ છે. બાળકીની માતાને તેના ઘરની બહારથી આ પિસ્ટલ મળી હતી. તેણે તેને રમકડાની સમજીને બાળકીને રમવા માટે આપી દીધી હતી. પિસ્ટલ લોડેડ હોવાથી રમતાં રમતાં બાળકીએ ટ્રિગર દબાવી દેતા તેમાંથી ફાયરિંગ થયું હતું.

**સરકારી પેટ્રોલિયમ કંપનીઓ ખોલશે ૨૫ હજાર નવા પેટ્રોલ પંપ**

સરકારી પેટ્રોલિયમ કંપનીઓએ દેશભરમાં ૨૫ હજાર જેટલા નવા પેટ્રોલપંપ ખોલવાની યોજના બનાવી છે. પેટ્રોલિયમ મિનિસ્ટ્રીએ પેટ્રોલ પંપ ડીલરોની નિયુક્તિ પર સરકારી પોલિસીને પણ રદ કરી દીધી છે.

# સેનાના ઓપરેશનમાં ચાર ત્રાસવાદી ઠાર

**ત્રાસવાદીઓ સામે સેના આક્રમક બની : આગામી દિવસોમાં અન્યત્ર છુપાયેલા આતંકવાદીઓનો પણ ખાત્મો નિશ્ચિત : બાંદીપુરામાં ચાલી રહેલાં ઓપરેશનમાં સેનાના જવાનોએ ૪ આતંકીઓને ઠાર કર્યા**



નવી દિલ્હી,તા. ૧૮

જમ્મુ કાશ્મીરમાં રમઝાનના ગાળા દરમિયાન મહિના સુધી આતંકવાદ વિરોધી ઓપરેશનને બંધ રાખવામાં આવ્યા બાદ હવે યુદ્ધવિરામનો અંત કરી દેવામાં આવ્યો છે. આજથી જમ્મુ કાશ્મીરમાં સેનાનું ઓપરેશન ઓલઆઉટ-૨ ફરી શરૂ થયું હતું. પ્રથમ દિવસે જ ત્રાસવાદીઓ સામે સેના તુટી પડી હતી અને ચાર આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. ત્રાસવાદીઓ પાસેથી હથિયારોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. અન્યત્ર છુપાયેલા આતંકવાદીઓને પણ હવે ખાત્મો નિશ્ચિત દેખાઈ રહ્યો છે. આજે બિજબહેરા અને બાંદીપોરામાં ત્રાસવાદીઓ સામે ઓપરેશન ઓલઆઉટ શરૂ કરવામાં આવ્યું હતું. બીજબહેરામાં ત્રાસવાદીઓ છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ ઓપરેશન હાથ ધરાયું હતુ જે દરમિયાન અથડામણમાં ચાર આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આ મહિનામાં અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે. અમરનાથ યાત્રા દરમિયાન હુમલાની દહેશત રહેલી છે. અત્રે નોંધનીય છે કે, ગઈકાલે મળેલી બેઠકમાં જમ્મુ કાશ્મીરમાં હાલના દિવસોમાં વધી ગયેલી આતંકવાદી હિંસા અને પથ્થરબાજીની ઘટના બાદ લોકોના

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં ટ્રાન્સપોર્ટરની હડતાળ આરંભાઈ

**જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો જારી રાખવા નિર્ણય : કોમર્શિયલ અને ઇન્ડસ્ટ્રીયલ ચીજવસ્તુઓ માટે પુરવઠો ખોરવાયો : સામગ્ર દેશના કારોબાર ઉપર અસર થઇ શકે**



નવી દિલ્હી,તા. ૧૮

ઓલ ઈન્ડિયા કન્ફેડરેશન ઓફ ગુડ્સ ઓપરેટર્સના નેતૃત્વમાં ટ્રાન્સપોર્ટરો આજથી દેશવ્યાપી હડતાળ પર ઉતરી ગયા છે. જેથી તેની અસર દેખાવવાના સંકેત મળી રહ્યા છે. અચોક્કસ મુદ્દતની હડતાળ પાડવામાં આવી રહી છે. હડાતળ દરમિયાન જીવનજરૂરી અને ખાવાપીવાની ચીજોનો પુરવઠો જારી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જ્યારે તમામ પ્રકારના કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ ચીજવસ્તુઓનો પુરવઠો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ જેવા અન્ય સંગઠનોસોમવારના બદલે આગામી મહિનાથી હડતાળ પાડનાર છે જેથી વર્તમાન હડતાળને સારો પ્રતિસાદ મળી રહ્યો નથી. જો કે જાણકાર લોકોનુ કહેવુ છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં સપ્લાય ચેઈન તુટી જવાના કારણે સમગ્ર દેશમાં કારોબાર પર તેની અસર થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ઓલ ઈન્ડિયા કન્ફેડરેશન ઓફ ગુડ્સ ઓપરેટર્સ

● અનુસંધાન પાન-૭ પર

## કોની મંજુરીથી ધરણા : દિલ્હી હાઈકોર્ટ

**દિલ્હીમાં ધરણા પ્રદર્શનનો દોર છઠ્ઠા દિવસે પણ જારી રહ્યો : ધરણા પ્રદર્શન કરતા પૂર્વે એલજીની મંજુરી કેમ નહીં લેવામાં આવી : કોઇના આવાસમાં ઘુસી ધરણા પ્રદર્શન ન કરી શકાય : સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનની તાબિયત ખરાબ**

નવીદિલ્હી,તા. ૧૮

દિલ્હીમાં ધરણા પ્રદર્શનના રાજકારણનો મામલો દિન પ્રતિદિન વધુ ગંભીર બની રહ્યો છે. અચોક્કસ ઉપવાસના આજે છઠ્ઠા દિવસે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાની તબિયત લથડી ગઈ હતી અને તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તબીબોએ કહ્યું હતું કે, લોહીમાં તેમનું કેટોન સપાટી ૭.૪ થઇ ગઇ છે. આરોગ્ય ચકાસણી રાજનિવાસ ખાતે કરવામાં આવી ત્યારે તેમના લોહીમાં કેટોનની સપાટી ૭.૪ રહી હતી. રાજનિવાસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમના કેબિનેટના મંત્રીઓ ધરણા પ્રદર્શન કરી રહ્યા છે. આરોગ્યમંત્રી સત્યેન્દ્ર જૈનને એલએનજેપી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમની તબિયત પણ બગડી ગઈ છે. તબીબોનું કહેવું છે કે, જૈનની તબિયત હવે સ્થિર છે.



# પેટ્રોલ-ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટી નહિ ઘટે

**કોંગ્રેસના વરિષ્ઠ નેતા ચિદમ્બરમની અરૂણ જેટલીએ જોરદાર ઝાટકણી કાઢી : ટેક્સના પોતાના હિસ્સાની ચુકવણી કરવાની નાગરિકોને જેટલીની ફરીવાર અપીલ : એક્સાઇઝ ડ્યુટીમાં કોઇપણ કાપ કાઉન્ટર પ્રોડક્ટીવ સાબિત થશે**

નવીદિલ્હી, તા. ૧૮

કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ આજે વરિષ્ઠ કોંગ્રેસી નેતા પી ચિદમ્બરમ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. જેટલીએ કહ્યું હતું કે ઓઈલ ઉપર એક્સાઈઝમાં કોઈપણ કાપ મુકવામાં આવશે નહીં. જેટલીએ ટેક્સની ચુકવણી કરવા નાગરિકોને અપીલ કરી હતી. ચિદમ્બરમના એવા સૂચનને જેટલીએ ફગાવી દીધો હતો તે ઓઈલ ઉપર ટેક્સને પ્રતિલીટર ૨૫ રૂપિયા સુધી ઘટાડી શકાય છે. જેટલીએ કહ્યું હતું કે, ચિદમ્બરમ ખુબ જ આડેધડ વાત કરી રહ્યા છે. ટેક્સના પોતાના હિસ્સાની રકમ ચુકવવા જેટલીએ લોકોને અપીલ કરી હતી. મહેસુલી સોર્સ તરીકે ઓઈલ ઉપર આત્મનિર્ભરતાને ઘટાડવા માટે ઈમાનદારીથી પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં હાલ કોઈપણ ઘટાડો કરવામાં આવનાર નથી. તેમણે ઉમેર્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં કોઈપણ ઘટાડો કાઉન્ટર પ્રોડક્ટીવ રહી શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પગારદાર વર્ગ દ્વારા ટેક્સમાં પોતાના હિસ્સાની ચુકવણી કરવી જોઈએ. અન્ય મોટાભાગના વર્ગોએ તેમના ટેક્સ ચુકવણીના રેકોર્ડને સુધારવા જોઈએ. આનાથી ટેક્સ ચુકવનાર સોસાયટી તરીકે ભારતની છાપ ઉભી થશે. આજ કારણસર તેવો વારંવાર આ પ્રકારની અપીલ કરતા રહે છે. ઈકોનોમી એન્ડ માર્કેટ રિવાર્ડ સ્ટ્રક્ચરલ રિફોર્મ એન્ડ ફિસ્કલ પ્રુડેન્સના નામ સાથે આયોજિત કાર્યક્રમમાં બોલતા જેટલીએ કહ્યું હતું કે, છેલ્લા ચાર વર્ષમાં કેન્દ્ર સરકારનો ટેક્સ જીડીપી રેશિયો ૧૦ ટકાથી સુધરીને ૧૧.૫ ટકા થઈ ગયો છે. આ પૈકીનો અડધો અથવા તો જીડીપીનો ૦.૭૨ ટકા નોન ઓઈલ ટેક્સ જીડીપી રેશિયોમાં વધારા માટે છે. જેટલીએ એમ પણ કહ્યું હતુ કે, જીડીપીમાં નોન ટેક્સની સપાટી ૯.૮ ટકા રહી છે. સરકારે ફિસ્કલ પ્રુડેન્સ માટે ખુબ મજબૂત છાપ ઉભી કરી છે. માઈક્રો ઈકોનોમિકલી જવાબદારીપૂર્વકનું વર્તન ભારતે અદા કરવું જોઈએ. ચિદમ્બરમની ઝાટકણી કાઢતા જેટલીએ આક્ષેપો કર્યા હતા. ચિદમ્બરમના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમણે કહ્યું હતું કે, ઉલ્લેખનીય કામગીરી સરકાર દ્વારા અદા કરવામાં આવી છે.



● અનુસંધાન પાન-૭ પર

## જાપાનમાં પ્રચંડ ભૂકંપ

**૬-૧ની તીવ્રતાવાળા ભૂકંપમાં ૩નાં મોત : ઓસાકામાં વ્યસ્ત કલાક દરમિયાન આંચકાથી લોકોમાં દહેશત : ઇજાગ્રસ્તોની સંખ્યા ૨૧૪થી વધુ**

ટોકિયો,તા. ૧૮

જાપાનના પશ્ચિમી શહેર ઓસાકામાં આવેલા પ્રચંડ ધરતીકંપમાં ભારે નુકસાન થયુ છે. ધરતીકંપના કારણે નવ વર્ષીય માસુમ બાળક સહિત ત્રણ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. ઓસાકા શહેરમાં પ્રચંડ આચકા બાદ ટ્રેન સેવાને રોકી દેવામાં આવી હતી. ઘાયલ થયેલા લોકોની સંખ્યા ૨૧૪થી પણ વધુ આંકવામાં આવી છે. જાપાની શહેર ઓસાકામાં વ્યસ્ત કલાક દરમિયાન પ્રચંડ આંચકો આવ્યો હતો. ઘાયલ થયેલા સેંકડો લોકો પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જાપાનના મુખ્ય હોન્સુદ્વિપ ઉપર સ્થિત ઓસાકામાં સ્થાનિક સમય મુજબ સવારે આઠ વાગે આંચકો આવ્યો હતો.

## યુપીમાં કોંગ્રેસ સાથે જોડાણ કરવા સપાનો સ્પષ્ટ ઈનકાર

**બસપ, આરએલડી સાથે અખિલેશ ગઠબંધન કરશે : અખિલેશ આજે દિલ્હીમાં જુદા જુદા પક્ષોના નેતાઓ સાથે વાતચીત કરશે : કોંગ્રેસને માત્ર બે બેઠકો આપવા ઇચ્છુક**

નવી દિલ્હી,તા. ૧૮

ઉત્તરપ્રદેશમાં મહા ગઠબંધનની રચના કરવાના પ્રયાસને મોટો ફટકો પડી ગયો છે. કારણ કે, ૨૦૧૯માં ભાજપની સામે મોરચો બનાવવામાં લાગેલા સમાજવાદી પાર્ટીએ સંકેત આપ્યો છે કે, તે મહાગઠબંધનમાં કોંગ્રેસને સામેલ કરવા માટે ઈચ્છુક નથી. સુત્રોના કહેવા મુજબ સમાજવાદી પાર્ટી કોંગ્રેસને માત્ર રાયબરેલી અને અમેઠી સીટ આપવા માટે ઈચ્છુક છે. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ આવતીકાલે મંગળવારના દિવસે દિલ્હી પહોંચનાર છે અને તેઓ આ મામલા પર વિપક્ષી દળો સાથે વાતચીત કરનાર છે. સમાજવાદી પાર્ટી રાયબરેલી અને અમેઠીમાં ગાંધી પરિવારની સામે કોઈ ઉમેદવારને મેદાનમાં ઉતારશે નહીં. પાર્ટીએ રાજ્યમાં ગઠબંધન માટે બહુજન સમાજ પાર્ટી અને આરએલડીની સાથે વાતચીત પૂર્ણ કરી લીધી છે.

૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીથી બોધપાઠ લઈને સમાજવાદી પાર્ટી આ વખતે કોઈ જોખમ લેવા તૈયાર નથી. રાજય વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચે સમજૂતિ થઈ હતી. સમાજવાદી પાર્ટી માયાવતીના નેતૃત્વમાં બહુજન સમાજ પાર્ટી સાથે ગઠબંધન માટે તૈયાર છે. કારણ કે, આ ગઠબંધનથી સમાજવાદી પાર્ટીને કોંગ્રેસની સરખામણીમાં વધારે લાભ મળવાની શક્યતા છે.



એમ માનવામાં આવે છે કે, અખિલેશ બહુજન સમાજ પાર્ટીની સાથે કોઈપણ પ્રકારના સમીકરણ બેસાડવા માટે તૈયાર છે પરંતુ કોંગ્રેસ સાથે આ પ્રકારની સમજૂતિ કરવા તૈયાર નથી. અખિલેશ દલિતો, પછાત અને મુસ્લિમ ગઠબંધન બનાવવા માટે ઈચ્છુક છે. વિધાનસભાની ચૂંટણી દરમિયાન સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસને ખુબ ઓછા મત મળ્યા હતા. સમાજવાદી પાર્ટીને કોંગ્રેસના કારણે ભારે નુકસાન થયું હતું.

## નાણામંત્રી કોણ છે ? મોદીને કોંગ્રેસનો નવો પ્રશ્ન

નવી દિલ્હી,તા. ૧૮

કોંગ્રેસના નેતા મનિષ તિવારીએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશના નાણામંત્રી અંગે ખુલાસો કરવા અપીલ કરી હતી. અરુણ જેટલી અથવા તો પીયુષ ગોયેલમાંથી દેશના નાણામંત્રી કોણ છે તે અંગે ખુલાસો કરવા માટે મોદીને અપીલ કરવામાં આવી છે. પીએમઓ અને નાણામંત્રાલયની વેબસાઈટ ઉપર આપવામાં આવેલી માહિતીનો ઉલ્લેખ કરીને મનિષ તિવારીએ આ મુજબની વાત કરી છે. પીએમઓ અને નાણામંત્રાલયની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ માહિતીનો ઉલ્લેખ કરતા તિવારીએ આ અંગેના પ્રશ્ન કર્યા હતા.




